# પરિશિષ્ટ – ૦૧

ISBN: 978-81-931298-6-9

# ગુજરાતી બાળસાહિત્યવિમર્શ

સંપાદક

ડૉ. શ્વેતા પ્રજાપતિ

શ્રી જે. કે. ઉમરેઠિયા

THE MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA
सत्यं शिवं सुन्दरम्
Estd. 1949

યુનિવર્સિટી પબ્લિકેશન્સ સેલ્સ યુનિટ
મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય
વડોદરા
૨૦૧૬

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૬

પ્રત :૨૫૦

© : Publications Sales Unit
The Maharaja Sayajirao University of Baroda,
Vadodara

મૂલ્ય : રૂા. ૨૦૦/-

UGC XII - અંતર્ગત આર્થિક સહાયથી પ્રકાશિત

પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન

યુનિવર્સિટી પુસ્તક વેચાણ વિભાગ
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા
પ્રો. સી.સી. મહેતા ઓડિટોરિયમ સામે
પ્રતાપગંજ, વડોદરા - ૩૯૦ ૦૦૨
ફોન નં.: ૦૨૬૫-૨૭૮૧૭૦૦

# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧. | ગુજરાતી બાળસાહિત્ય | શ્રદ્ધા ત્રિવેદી | ૧-૧૭ |
| ૨. | બાળકાવ્યો દ્વારા બાળશિક્ષણ | રમીલાબેન નાયક | ૧૯-૪૩ |
| ૩. | જીવનનો આધારસ્તંભ-બાળસાહિત્ય | રેખા ભટ્ટ | ૪૫-૫૦ |
| ૪. | જીવનઘડતરમાં બાળગીતોની ભૂમિકા | યાજ્ઞા સપાટવાલા | ૫૧-૫૯ |
| ૫. | બાળસાહિત્ય : સ્વરૂપગત લક્ષણો | ધોરિયા દિલીપકુમાર | ૬૧-૬૭ |
| ૬. | બાળનાટ્યલેખન : એક પડકાર | દિગીશ વ્યાસ | ૬૯-૭૭ |
| ૭. | ધો ૬ થી ૮ ના અભ્યાસક્રમમાં સમાવિષ્ટ ગુજરાતી સાહિત્યની કૃતિઓ | જિજ્ઞા રાણા | ૭૯-૮૬ |
| ૮. | બાળવાર્તાના સંગ્રહની દષ્ટિએ પંચતંત્ર | કૌશી ચાવડા | ૮૭-૯૫ |
| ૯. | સુન્દરમ્‌ની બાળકથાઓ | અર્ચના પંડ્યા | ૯૭-૧૦૩ |
| ૧૦. | 'રંગ રંગ વાદળિયા'ની નવરંગી સૃષ્ટિના સર્જક : સુન્દરમ્ | કોશા આચાર્ય | ૧૦૫-૧૧૦ |
| ૧૧. | મેઘાણીની બાળકવિતા : નારીબોધના સંદર્ભે | નિવ્યા પટેલ | ૧૧૧-૧૧૮ |
| ૧૨. | લાડુની જાત્રા અને બીજી વાર્તાઓનું બાળવિશ્વ | મૌલિકા પટેલ | ૧૧૯-૧૨૪ |
| ૧૩. | રમેશ પારેખનાં બાળકાવ્યોનો કલરવ | વર્ષા પ્રજાપતિ | ૧૨૫-૧૩૦ |
| ૧૪. | બાળસાહિત્યની આવશ્યકતા અને મહત્તા | હિના દેસાઈ | ૧૩૧-૧૪૩ |
| ૧૫. | ગુજરાતી બાળકાવ્યસંગ્રહ 'શૈશવના ઉપવનમાં' - એક અધ્યયન | જે. કે. ઉમરેઠિયા | ૧૪૫-૧૪૯ |

# ૭. ધો. ૬ થી ૮ના અભ્યાસક્રમમાં સમાવિષ્ટ ગુજરાતી સાહિત્યની કૃતિઓ

જિજ્ઞા રાણા

સાહિત્ય શબ્દની વિભાવનાને સમૃદ્ધ કરવા માટે કાળક્રમે વિવિધ વિશેષણ લાગતાં ગયાં છે. જેમ કે પ્રાચીન સાહિત્ય, મધ્યકાલીન સાહિત્ય, અર્વાચીન સાહિત્ય, વાસ્તવવાદી સાહિત્ય, સૌષ્ઠપ્રિય સાહિત્ય, રંગદર્શી સાહિત્ય, નારીવાદી સાહિત્ય, દલિત સાહિત્ય કે બાળસાહિત્ય. અહીં પ્રસ્તુત વિશેષણોમાં ક્યાંક સમયગાળો ક્યાંક ભાવ તો વળી ક્યાંક રચનાપ્રક્રિયા સાહિત્યની આગવી ઓળખ રજૂ કરે છે. અહીં આપણે આ તમામ પ્રકારના સાહિત્યમાં સૌથી સરળ લાગતા પણ અઘરા પ્રકાર વિશે વાત કરવાની છે. જે છે બાળસાહિત્ય. આપણે સૌ જાણીએ છીએ કે બાળકો માટેનું સાહિત્ય એટલે બાળસાહિત્ય. જે સાહિત્ય દ્વારા બાળક આનંદ મેળવે તેની કલ્પનાશક્તિને પોષણ મળે તેવું સાહિત્ય એટલે બાળસાહિત્ય. બાળક એટલે ૧૪ વર્ષથી નીચેની વયકક્ષામાં આવતા વ્યક્તિ જો આપણે એવું માનતા હોઈએ તો ધો. ૬ થી ૮માં લગભગ ૧૧ થી ૧૩ વર્ષના બાળકો અભ્યાસ કરતા હોય છે. આ અભ્યાસ દરમ્યાન તેમને ગુજરાતી ભાષા શીખવાની હોય છે. ગુજરાતી ભાષા તેમને ગુજરાતી સાહિત્યની વિવિધ કૃતિઓ દ્વારા શીખવાની હોય છે. આજે આ કૃતિઓને બાળસાહિત્યની દષ્ટિએ તપાસવાનો ઉપક્રમ છે.

દરેક બાબત, સ્થિતિ કે પદાર્થને તેનું ગંતવ્ય હોય છે. એક ચોક્કસ હેતુ હોય છે. સાહિત્યના હેતુઓ જોઈએ તો આનંદપ્રાપ્તિ, કાંતાસંમિત ઉપદેશ આ બન્ને ભાવક પક્ષના હેતુઓ થયા. જે બાળસાહિત્યને પણ લાગુ પડે છે. આ સિવાય બાળસાહિત્યના સ્વરૂપ પાસે અન્ય અપેક્ષાઓ રાખવામાં આવે છે. જેમ કે, બાળસાહિત્યનો આસ્વાદ

ખુદ બાળક લઈ શકવો જોઈએ. તેમાં વેદના, ચિંતા, ભય, શંકા કરતાં ક્રિયામયતા અને આનંદનો ભાવ સૌથી વધુ પ્રબળ હોય. (એટલે કે, ખાધું પીધું ને રાજ કર્યું.) બાળકવિતામાં ભાવ-કલ્પનનું પ્રાબલ્ય હોય. વાર્તા સુંદર લયબદ્ધ હોય. પરંતુ તેની ભાષા સાદી-સરળ હોય. આ તમામ બાબતો બાળસાહિત્યના સ્વરૂપને સ્પષ્ટ કરે છે. હવે આપણે જોઈએ કે ધો. ૬ થી ૮ ના અભ્યાસક્રમમાં આવતી કૃતિઓ આ માપદંડો મુજબની હોય છે ખરી? પરંતુ તે પહેલા આપણે ભાષા શિક્ષણ અને અભ્યાસક્રમના હેતુઓ તથા માપદંડોને નજર સમક્ષ લેવા જરૂરી બને છે.

પાઠ્યપુસ્તક એ શિક્ષણનું એક સાધન માત્ર છે. બાળકને જ્ઞાન માટે અપાતા શૈક્ષણિક અનુભવોનું સાધન. ગુજરાતી ભાષાશિક્ષણનાં પગથિયાં જોઈએ તો શ્રવણ, કથન, વાંચન અને લેખન છે. જેમાં બે Express અને બે Respective વિચાર વિનિમયનાં સાધન છે. શિક્ષણ એ વિદ્યાર્થીના વર્તનમાં અપેક્ષિત પરિવર્તન લાવવાની પ્રક્રિયા છે. ભાષાના શિક્ષણ દ્વારા આપણે વિદ્યાર્થીઓમાં ભાષાકીય પરિવર્તન લાવવા ઇચ્છીએ છીએ. આ પરિવર્તન એટલે બાળક સાહિત્યની વિવિધ કૃતિઓના સંપર્કમાં આવે અને વિવિધ સાહિત્ય પ્રકારોથી પરિચિત થાય. લેખકના વિચારો કૃતિના સંદર્ભમાં મૂલવતા થાય તેના અંગે વિચારતા થાય. લેખકની શૈલીને સમજવાનો પ્રયત્ન કરે. બાળકમાં ગુજરાતી સાહિત્ય પ્રત્યે રુચિ કેળવાય. બાળકના શબ્દભંડોળમાં વધારો થાય. કૃતિઓની સામગ્રી દ્વારા ગુજરાતી વ્યાકરણથી પરિચિત થાય. સાહિત્યકૃતિઓનો આનંદ માણે અને તેની ઊર્મીઓનું ઘડતર થાય, તેની કલ્પનાને નવા રંગો મળે. સાહિત્ય દ્વારા તેનામાં સંસ્કારોનું સિંચન થાય. બાળક સંવેદનશીલ બને. પ્રેમ, કરુણા અને સહાનુભૂતિથી તેનું હૃદય સમૃદ્ધ બને. આજના સમયમાં મૂલ્યોની કટોકટીની ક્ષણે સાહિત્ય દ્વારા મનુષ્યત્વનું સંરક્ષણ થાય.

માતૃભાષાનું શિક્ષણ સાંસ્કૃતિક, સાહિત્યિક અને ભાષા વૈજ્ઞાનિક જેવા વિવિધ સંદર્ભો ધરાવે છે. જેના માટે આદેશાત્મક, વર્ણનાત્મક અને સર્જનાત્મક એવા ત્રણ દષ્ટિકોણ છે. સાહિત્યનું શિક્ષણ ભાષાશિક્ષણનું એક અંગ છે. ૬ થી ૮ની કક્ષાએ તો સાહિત્ય દ્વારા ભાષા શીખવવાની છે પરંતુ તે સાથોસાથ શિક્ષણના અન્ય ઉદ્દેશ્યને પણ

પૂરા કરવાના હોય છે. તેથી તેમને માટે તૈયાર થતા અભ્યાસક્રમનું મહત્ત્વ વિશેષ વધી જતું હોય છે. પાઠ્યક્રમમાં શું ? શા માટે ? ક્યાં ? કેવી રીતે ? આવા અનેક પ્રશ્નોને ધ્યાનમાં લેવાતા હોય છે (લેવાવા જોઈએ). એટલે જ પાઠ્યપુસ્તકમાં નીચે મુજબના ગુણો હોય તેવી અપેક્ષા રાખવી અતિશયોક્તિ તો નથી જ. અને આ જ અપેક્ષાઓ કદાચ બાળસાહિત્ય પાસે પણ રખાય છે.

- પુસ્તકની ભાષા ઉંમરને અનુકૂળ હોય.
- ભાષા કે વિષયવસ્તુ ક્રમશઃ સરળતાથી જટીલ તરફ જતું હોય.
- શરૂઆતની કૃતિઓના વિષયો બાળકના અનુભવ વિશ્વમાંથી હોય. શરૂઆતની ભાષા વ્યવહારિક હોય ત્યારબાદ ક્રમશઃ સાહિત્યિક ભાષા તરફનું વલણ હોય.
- પાઠ્યપુસ્તકમાં સ્થાનિક, પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રિય વિષયોનું વર્ણન હોય.
- ગદ્ય કૃતિઓમાં પહેલા કલ્પનાપ્રધાનતા હોય ત્યારબાદ ક્રમશઃ વિચારપ્રધાનતા હોય.
- કૃતિનું લંબાણ એટલું બધું ન હોય કે વિદ્યાર્થી અકળાઈ જાય. બાળકની ગ્રહણશક્તિ પ્રમાણે લંબાઈ હોય.
- સાંસ્કૃતિક વિષયમાં પ્રથમ સ્થાનિક પછી પ્રાંતીય અને પછી રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય વિષયોનો સમાવેશ થતો હોય.
- ચરિત્ર અને નૈતિકમૂલ્યોના વિકાસને અનુરૂપ આદર્શ સાહિત્ય હોય.
- વેરભાવના, હિનમૂલ્યો વિકસે તેવી કૃતિઓ ન હોય.
- પાઠ્યક્રમ શિક્ષણના સિદ્ધાંતો અને મનોવિજ્ઞાનના સિદ્ધાંતોને અનુરૂપ હોય.
- કૃતિના વિષયને અનુરૂપ ચિત્રો હોય તો અતિ ઉત્તમ ગણાય.

બાળસાહિત્ય બે પ્રકારનું હોય છે – ગદ્ય અને પદ્ય. પાઠ્યક્રમમાં પણ આ બે પ્રકારનું સાહિત્ય હોય છે.

માનવસંસ્કૃતિનાં મૂલ્યોની પૂર્તિ ગદ્યશિક્ષણથી થાય છે. કેમકે, વિચાર વિનિમયનું સાધન જ ગદ્ય છે. તો માનવહૃદયની ભાવનાઓ, રાગદ્વેષયુક્ત પ્રવૃત્તિઓ વ્યક્ત કરવા

માટેનું સંગીતમય કોષ એટલે પદ્ય. જેના દ્વારા મનુષ્ય આંતરચેતનાને બાહ્યવિશ્વ સાથે જોડે છે. આજે જ્યારે વિભક્ત કુટુંબ–વ્યવસ્થા, નોકરી કરતાં માતા પિતા અને દાદા, દાદી કે નાના, નાની વિહોણાં બાળકોને પહેલાંની જેમ બાળવાર્તા કે બાળગીતોનો લહાવો મળતો નથી.

ધો ૬ થી આઠમાં આપણે આગળ જોયું તેમ ૧૧ થી ૧૩ વર્ષનાં બાળકો અભ્યાસ કરતા હોય છે. આ ઉંમરને આપણે બાળકનું કિશોરાવસ્થા તરફનું પ્રયાણ ગણી શકીએ. શિશુ, બાળ અને કિશોર આ તમામ તબક્કા બાળસાહિત્યમાં સમાવી લેવામાં આવ્યા છે. બાળક કરતા થોડું વધુ જ્ઞાન, થોડું વધુ શબ્દભંડોળ, થોડો વધુ તરવરાટ, થોડી વધુ જિજ્ઞાસા, થોડું વધારે અનુકૂલન... આથી બાળ–કિશોરને અપાતી બધી સામગ્રી થોડી વધારે હોય છે. શિશુ અને બાળ કરતાં બાળ–કિશોરસાહિત્યમાં વર્ણવાતા વિષયોમાં તરવરાટ, સાહસ થોડો સંઘર્ષ થોડી વાસ્તવિકતા, ક્યાંક પુરાણ અને મધ્યકાળનો સંદર્ભ, થોડોક છૂપો બોધ તો વળી મનોરંજન તો ખરું જ.

કોઈ પણ સાહિત્યનો પ્રથમ અને શ્રેયસ્કર ઉદ્દેશ તો નિર્મળ આનંદની પ્રાપ્તિ જ હોઈ શકે છતાં જેને આપણે આડ ઉપજ કહીએ છીએ તે ઉપયોજન (કાંતા સંમિત ઉપદેશ)નો હેતુ આપણને શિક્ષણના હેતુઓ સાથે જોડી આપે છે. અને એટલે જ ડૉ. શ્રદ્ધા ત્રિવેદી કહે છે કે, બાળકેળવણી અને બાળસાહિત્ય પરસ્પર સંકળાયેલાં છે. બાળકેળવણીના અનુસંધાને પાઠ્યપુસ્તકો અને ઈતરવાચનનું સાહિત્ય પૂરું પાડવાનો પ્રશ્ન એરણ પર આવ્યો એટલે બાળસાહિત્ય – તેનાં તમામ સ્વરૂપોમાં સર્જાવા લાગ્યું. અહીં કેળવણી એટલે માત્ર માર્કશીટ નહીં, કેળવણીના વિશાળ અર્થને ધ્યાનમાં લેવાનો છે. જે શિક્ષણના સામાન્ય હેતુઓ છે.

આપણે ધો. ૬ થી ૮નાં પાઠ્યપુસ્તકો જોઈએ તો કિશોરસાહિત્યની એરણ પર ખરી ઉતરે તેવી કૃતિઓ આપણને અચૂક મળશે. આ પાઠ્યપુસ્તકોમાં જ્ઞાન સાથે ગમ્મત છે. ત્રણેય કક્ષામાં પ્રથમ કૃતિ રંગીન ચિત્ર છે. પાઠ્યપુસ્તકની લંબાઈ જાડાઈ તેમાં આવતી કૃતિમાં શબ્દની જાડાઈ, મોટાઈને જોતા તે બાળકની કક્ષાએ અનુરૂપ

હોય તેમ જણાય છે. વળી તેમાં આવતાં ચિત્રો અને રંગીન શબ્દો બાળકને તેના તરફ આકર્ષે છે. દરેક કૃતિમાં તેને અનુરૂપ ચિત્ર બાળકિશોરની કલ્પના શક્તિને ઉત્તેજન આપે છે. પાઠ્યપુસ્તકની રચના મનોવૈજ્ઞાનિક દષ્ટિકોણથી કરવામાં આવી હોય એમ લાગે છે. કૃતિનો ક્રમ સરળથી ધીમે ધીમે અઘરા તરફનો છે. શરૂઆતની કૃતિઓની ભાષા ક્રમશઃ થોડી વધારે સમજણવાળી થતી જાય છે.

ધોરણ છના પાઠ્યપુસ્તકમાં પૂરકવાચન સાથે મળીને ૧૩ ગદ્ય કૃતિઓ છે. અને ૯ પદ્ય કૃતિઓ છે. ધોરણ ૭માં ૧૬ ગદ્ય અને ૮ પદ્ય કૃતિઓ છે. તો ધોરણ ૮માં ૧૭ ગદ્ય અને ૯ પદ્ય કૃતિઓનો સમાવેશ થાય છે. ગદ્ય કૃતિઓમાં દ્વિદલ, બીરબલની યુક્તિ, લેખણ ઝાલી નો રહી, માતૃહૃદય, એક જાદુઈ પત્રની વાર્તા, કાબૂલી, સાચી વિદ્યા (ધો.૬) પરીક્ષા, ભીખું, વલયની અવકાશી સફર, આવ ભાણા આવ, સિંહની દોસ્તી, ફાટેલી નોટ, શોખીન બિલાડી, (ધો.૭), જુમો ભિસ્તી, દીકરાનો મારણહાર, સંસ્કારની શ્રીમંતાઈ, ઈચ્છાકાકા (ધો.૮) જેવી વાર્તાઓ છે. સારા અક્ષર, જીવરામ ભટ્ટનાં સાકરનો શોધનારો અને દેશભક્ત જગડુશા જેવાં નાટકો છે. પાદર, બાનો વાડો, સાગરકાઠાંનો પ્રવાસ, સુગંધ કચ્છની, ભમીએ ગુજરાતે લેવાઈ છે. ભારતની વિરલ વિભૂતિના આદર્શો રજૂ કરતાં ચરિત્રો પણ અહીં સમાવવામાં આવ્યાં છે. જેમાં ગાંધીજી, વલ્લભભાઈ પટેલ, મહારાજાકૃષ્ણકુમારસિંહજી, પૂજ્ય મોટા, પરીક્ષિતલાલ મજમુદાર જેવી આદર્શમૂર્તિના પ્રેરણાદાયી પ્રસંગો રજૂ થયા છે. પહેલાના સમયમાં જેમ રામાયણ- મહાભારતના પ્રસંગો બાળકને સંભળાવવામાં આવતાં. બદલાતા સમય સાથે અને નવા સંજોગો સાથે તાલ મિલાવતા સમકાલીન સાહિત્યને પણ આજે બાળકેળવણીમાં સ્થાન મળે તે આનંદની બાબત છે. પરંપરા અને આધુનિકતાનું સમાયોજન કરતી કૃતિઓ અહીં આપણને જોવા મળે છે. એક જ લક્ષ્ય એ મહાભારતના પ્રસંગ પર આધારિત કૃતિ છે. તો વલયની અવકાશી સફર એક વિજ્ઞાન કથા છે. ટૂચકા શીર્ષક હેઠળ નિર્મળ આનંદ અને મનોરંજન આપતી કૃતિઓ છે.

નિબંધ, પત્ર અને અહેવાલ લેખનનું જ્ઞાન આપવા માટે અમુક કૃતિઓ આ સ્વરૂપને અનુલક્ષીને પસંદ કરવામાં આવેલ હોય એમ જણાય છે. પદ્ય કૃતિઓમાં

હિંદમાતાને સંબોધન, આજની ઘડી રળીયામણી, ગોવિન્દના ગુણ ગાશું, એક જ દે ચિનગારી, અને આવકારો જેવાં પ્રાર્થના, ભજન અને ભક્તિગીતોનો સમાવેશ થાય છે. શેરીએ આવે સાદ, રૂપાળું મારું ગામડું, મહેનતની મોસમ, રાનમાં, સોના જેવી સવાર જેવી પ્રકૃતિ રચનાઓ છે. આલાલીલા વાંસળિયા, માલમ હલેસા માર અને આભમાં જીણી ઝબૂકે વીજળી જેવી લોકસાહિત્યની કૃતિઓ છે. ઊર્મિસભર ગીતોમાં જનની, ગુજરાત મોરી મોરી રે! તને ઓળખું છું મા. ધૂળિયે મારગ, કમાડે ચિતર્યા રે જેવી કૃતિઓ છે. પગલે પગલે જેવું શૌર્યગીત પણ છે અને રાવણનું મિથ્યાભિમાન જેવું કથાગીત પણ છે. ગ્રામમાતા નામે ખંડકાવ્ય, શરૂઆત કરીએ ગઝલ, વળાવી બા આવી સૉનેટ, સુદામો દીઠા શ્રીકૃષ્ણ દેવ રે! જેવી આખ્યાન કણીકાનો સમાવેશ પણ કરવામાં આવ્યો છે. આ તમામની સાથોસાથ સુભાષિત, દુહા–મુક્તક અને હાઈકુ જેવી પદ્ય કૃતિઓને પણ સ્થાન મળ્યું છે. આ તમામ પ્રકારો બાળ–કિશોરને સાહિત્ય સ્વરૂપોથી પરિચિત કરાવવા માટે દર્શાવવામાં આવ્યા છે. પરંતુ બાળક માટે તો ગદ્ય એટલે વાર્તા અને પદ્ય એટલે ગીત. તેને મન ચરિત્ર કે પ્રવાસવર્ણન પણ વાર્તા જ છે. તેવી જ રીતે ગઝલ, સૉનેટ અને ખંડકાવ્ય એ કવિતા જ છે. અહીં પ્રસ્તુત થયેલ મોટાભાગની પદ્યકૃતિઓ છુટ્ટા કંઠે ગાઈ શકાય તેવી છે. વળી બાળકની કલ્પના અને વાસ્તવની દુનિયાની ખૂબ નજીકની પણ છે. તેમાં આવતા શબ્દો પણ તેની સમજણમાં આવે એ પ્રકારના છે તે વાતની પુષ્ટી કરતાં ઉદાહરણો દરેક કાવ્યમાંથી મળે છે.

> કુંજમાં કોયલ બોલતી એનો શેરીએ આવે સાદ,
> હાલને આંબાવાડીએ, હજી પોરની તાજી યાદ. (શેરીએ આવે સાદ)

અહીં લયબદ્ધ શબ્દો આપોઆપ બાળકોને ગાવા માટે લલચાવી મૂકે તેવા છે. તો પગલે શૌર્યગીતમાં શબ્દોની કૂચ સાથે બાળકો પણ કવાયત કરે કે ન કરે?

> કાંટા આવે, કંકર આવે, ધોમ ધખંતી રેતી આવે;
> ખાંડાની ધારે ને ધારે, ધૈર્ય ધરી ચાલ્યો જા
> દુર્ગમ પંથ કાપ્યો જા.

અહીં સમાવિષ્ટ લોકગીત પણ બાળસૃષ્ટિને સમાવતા જોવા મળે છે. જેમાં માલમ હલેસા માર હોય કે પછી આલાલીલા વાંસળિયા હોય, બાળ-કિશોરકાવ્યના ગુણો તેમાં પણ જોવા મળે છે. અહીં રજૂ થયેલી શોખીન બિલાડી, બિરબલની યુક્તિ, આવ ભાણા આવ. એક જાદુઈ પત્રની વાર્તા, વલયની અવકાશી સફર અને ફાટેલી નોટ જેવી વાર્તાઓ તો બાળવાર્તાની એકદમ લગોલગ બેસે તેમ છે. આ વાર્તામાં ગમ્મત અને મનોરંજનનો ગુણ સૌથી વધુ અને પહેલા છે. પછી થોડુંક કદાચ જ્ઞાન દેખાશે. આ વાર્તાઓ કે કવિતામાં તમને બાળકાવ્ય કે બાળવાર્તા નહીં પરંતુ જો અભ્યાસક્રમમાં ભણાવાતો એક પાઠ જ દેખાશે તો નુકસાન તમારું નથી આપણી આવનારી પેઢીનું છે. ને જો તમે એમ કહેશો કે, પાઠ્યપુસ્તકમાં બાળસાહિત્ય જ છે તો બાળકો ભણવાના નશામાં બાળસાહિત્યને પણ ઘોળીને પી ગયા છીએ. અભ્યાસક્રમનો મુખ્ય હેતુ ભાષાજ્ઞાન આપવાનો છે એ ખરું પણ શું આપણે એ જ્ઞાન આપનારી કૃતિઓમાં રહેલા બાળસાહિત્યનાં લક્ષણોને અવગણી શકીશું ? શું બાળસાહિત્ય પાઠ્યપુસ્તકમાં આવે તો બાળસાહિત્ય ન રહે ?

આ બાબતે ડૉ. હુંદરાજ બલવાણી કહે છે તેમ બાળસાહિત્ય અનૌપચારિક શિક્ષણનું એક મહત્ત્વપૂર્ણ સાધન છે. આજના સમયમાં હવે ઔપચારિક શિક્ષણમાં તેને સ્થાન મળવા લાગ્યું છે. સમગ્ર દેશમાં બાળકોનાં શિક્ષણને નવી ક્ષિતિજો તરફ લઈ જવા માટે વર્ષોથી પ્રયત્નો થતા રહ્યા છે. શિક્ષણમાં નવા-નવા પ્રયોગો થયા છે. શિક્ષણને દેશની સંસ્કૃતિ સાથે જોડવાના પ્રયાસો થયા છે. બાળકને કેન્દ્રમાં રાખીને તેના વ્યક્તિત્વના વિકાસ, જીવન ઘડતર અને નૈતિક મૂલ્યોને આવરી લેતા શિક્ષણ ઉપર ભાર મૂકવામાં આવે છે. શિક્ષણના એક મહત્ત્વના સાધન રૂપે પાઠ્યપુસ્તકોની રચના થાય છે. નાની ઉંમરનાં બાળકો માટેનાં પુસ્તકોમાં સમાવવામાં આવે છે પરંતુ પાઠ્યપુસ્તકોની કેટલીક મર્યાદાઓના કારણે ઘણુંબધું તેમાં આપી શકાતું નથી. સમગ્ર રીતે ધો. છ થી આઠના પાઠ્યપુસ્તકોમાંથી પસાર થતાં જણાય છે કે આ પાઠ્યપુસ્તકોમાં સમાવિષ્ટ ઘણી કૃતિઓ બાળ અને કિશોરસાહિત્યમાં સમાવી શકાય કેમ કે, તે કૃતિઓમાં બાળકો માટે મનોરંજન છે. તેમાંથી બાળકોને

કંઈક ક્રિયા કરવા ઉત્તેજન મળે છે. તેમાં બાળકોને ગમતી દુનિયા છે. તેમની સમજને અનુરૂપ ભાષાનું બંધારણ છે. વળી કૃતિઓની પસંદગીસાહિત્યકારને ધ્યાનમાં લઈને નહીં પરંતુ તેમાં રહેલ સત્ત્વને આધારે કરાઈ છે. કૃતિઓનો ક્રમ સાહિત્યના ક્રમ મુજબ નહીં બાળકની કક્ષા મુજબ ગોઠવવામાં આવ્યો છે.

આજે જ્યારે ઘર કે કુટુંબમાં બાળકને બાળસાહિત્ય નથી મળી શકતું ત્યારે શિક્ષક અને શાળાની જવાબદારી વધી જાય છે. ચાલો આજથી નવી નજરે બાળકોને પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ બાળસાહિત્યને બાળસાહિત્યના અંદાજમાં પીરસીએ..... પરિણામ અચૂક સારું આવશે.

સંદર્ભ સૂચિ:

૧. ગુજરાતી બાલકિશોર-ગદ્યસાહિત્ય: એક ઝલક, ડો.શ્રદ્ધા ત્રિવેદી, શબ્દસૃષ્ટિ- ઑક્ટો. ૨૦૦૬. પૃષ્ઠ-૨૧૫

૨. ડો. હુંદરાજ બલવાણી, ગુજરાતી બાળસાહિત્ય: ગઈકાલ અને આજ, પ્રથમ આવૃત્તિ-૨૦૦૯. પૃષ્ઠ-૦૯.

*****

# પરિશિષ્ટ - ૦૨

**Vhen (વ્હેણ)**

ધોરિયા દિલીપકુમાર
સુમરાસર (શેખવાલી),
તાલુકોઃ ભુજ, જિલ્લોઃ કચ્છ
પીન કોડ : ૩૭૦૦૦૧
Email Id: ddhoriya@gmail.com

આવૃત્તિ : પ્રથમ આવૃત્તિઃ ફેબ્રુઆરી ૨૦૧૫
પ્રત : ૨૫૦
મૂલ્ય : ૨૧૦ રૂપિયા
ISBN : 978-93-85299-18-6
© લેખકના

પ્રકાશક
**શબ્દ સાધના પ્રકાશન**
શબ્દ સાધના ટ્રસ્ટ, જૂનાગઢ, ૩૬૨૦૧૫

# અનુક્રમણિકા

*૧. નારીસંવેદનની વિભાવના......................................... 1*

*૨. વાત નારીઅસ્મિતાની... ......................................... 10*

*૩. સ્વાભિમાન અને અસ્મિતા માટેની મથામણ – 'લેડી વિથ અ ડૉટ' ............................................................ 23*

*૪. વિલક્ષણ સંવેદનને આલેખતી વાર્તાઃ 'સમાધાન- જીંદગી સાથે'. 31*

*૫. બદલાતાં સંબંધોની વાર્તા 'મીનાક્ષીની મોટેલ' .................. 42*

*૬. સ્ત્રી-સશક્તિકરણ : સ્ત્રીભ્રુણ હત્યા અટકાવ અંગેના કાર્યક્રમો... 55*

*૭. લોકગીતોમાં નારી ................................................ 66*

# ૭. લોકગીતોમાં નારી

રાણા જિજ્ઞાબા અજીતસિંહ

લોકસાહિત્યમાં નાનુનાનુ સંવેદન જીલાયું છે. અહી મોટીમોટી જ્ઞાનની વાતો નથી, પરંતુ નાનીનાની સમજણ છે. નાના–નાના ઋજુ ભાવસંવેદનનું ચિત્રાત્મક નિરૂપણ લોકગીતોમાં થયું છે. લયની પીછીને ભાવોના રંગોમાં ઝબોળી લોકસમુદાયે સુંદર ચિત્રોને કંડાર્યા છે. અહીં નારી પોતે ક્યારેક સંવેદન અનુભવનાર પણ છે અને ક્યારેક રજૂ કરનાર પણ છે. લોકગીતોમાં અબાલવૃદ્ધ તમામ જનસમુદાયના સંવેદનોનું આલેખન થયું છે. તેમાં સૌથી વધારે જો કોઈના સંવેદન ઘૂંટાયા હોય તો એ છે સ્ત્રી સમુદાયના.એ સ્ત્રી દીકરી છે, બહેન છે, સહેલી છે, પ્રેમીકા છે, પત્ની છે, વહુ છે, માતા છે અને ક્યારેક સાસુ પણ છે. કોઈપણ સંવેદન આપણા લોકગીતની કલમથી અળગું રહી શક્યું નથી. તો નારીચેતના કેમ અળગી રહી શકે ?

'નારી ચેતના' શબ્દની વ્યુત્ત્પત્તિ કદાચ હમણા ટૂંકાગાળામાં થઈ છે. પણ તે જ્યારે સંવેદની કક્ષાએ હતી ત્યારે આપણા લોકગીતમાં ભરપૂર ઝીલાઈ છે. કહે છે ને કે 'દીવા તળે અંધારું'

66

આપણે વુમન એમ્પાવરમેન્ટ જેવી મોટીમોટી સંજ્ઞાઓ વિદેશથી આયાત કરી, ઉછીની માંગી આવીએ છીએ એ પહેલા આપણી આસપાસ નજર નાંખીએ તો દૂર જવાની જરૂર નથી. આપણા લોકગીતોમાં સમૃદ્ધ વારસો સચવાયેલો છે. પરંતુ લોકસાહિત્યક્ષત્રે હજુ સુધી માત્ર માહિતીનું એકત્રીકરણ જ પૂરૂં નથી થયું ત્યાં તેમાં રહેલા સત્ત્વોને તપાસવાની વાત જ કોરાણે રહી. આજે પણ લોકસાહિત્ય સંશોધનના નામે માત્ર માહિતીના ઢગલા જ કરવામાં આવે છે. તેમાં રહેલા સત્ત્વોને તપાસી લોકો સમક્ષ મૂકવા માટે હજુ કોઈએ કમર કસી નથી લાગતી. મારે આજે આ લોકસાહિત્યની અમૂલ્ય પૂંજી સમાન લોકગીતના મણકાઓ લઈને તેમા પ્રગટ થતી નારી ચેતનાને આપની સમક્ષ મુકવાનો પ્રયાસ કરવાનો છે. તેના દ્વારા નારીચેતનાને આપણી પોતીકી ભૂમિમાં તપાસવાનો ઉપક્રમ છે.

આ લોકગીતોમાં સાસરિયા પક્ષથી અપાતો ત્રાસ છે. માતાનું વ્હાલ છે. પતિ સાથેની ગમ્મત અને સાહેલડીની મસ્તી છે. વિદાય અને વિરહનું દર્દ છે. પારકા અને પોતીકાઓની પજવણી સામે તલવાર અને શબ્દો વડે રણે ચડતી રણચંડી પણ છે. આ રણચંડીની છબીને આપણે આજની નારીચેતના સંજ્ઞા સાથે જરૂર મૂલવી શકીએ.

તેજમલ ઠાકોરનો રાસડો જોઈએ તો જ્યારે આખા ગામ પર દળકટક આવે છે. ત્યારે દાદો રડી પડે છે અને બોલે છે :

"દળ કટક આવ્યું, દીકરી વારે કોણ ચડશે રે ?
સાત સાત દીકરીએ દાદો વાંજીયો કેવાયા રે !"

ત્યારે એક અજબ ખુમારીથી તેજમલ ઠાકોર બોલી પડે છે કે :

"હૈયે હિમ્મત રાખો, દાદા, અમે વારે ચડશું રે •(પૃ.૩૨૬)

આ માત્ર ક્ષણીક સંકલ્પ નહોતો કે પછી અચાનક ચડેલું શૂરાતન પણ ન હતું. કેમ કે, બધી જ પરીક્ષાઓમાંથી પાર ઉતરી દળકટકને ભગાડી તેજમલ જીતીને આવે છે. આવી શૂરવીરતા એક ક્ષણમાં તો ન જ આવે ! એ માટે વર્ષોનો અનુભવ અને પુરુષાર્થ જોઈએ. લડવા માટેની તત્પરતા કદાચ ત્યારે જ આવી હોય પણ લડાઈ માટે જરૂરી કૌશલ્ય વર્ષોની મહેનત પછી સિદ્ધ થયું હશે. આ તેજમલ જ્યારે દળકટક વાળી પાછા ફરે છે ત્યારે દાદા અને કાકા એને મોતીડે વધાવે છે. આ સામાજિક વિચાર અને ભાવ પરિવર્તન માટે તેજમલની અંદર રહેલ નારી ચેતના જવાબદાર છે.

એક તરફ દાદા માટે મરી ફીટવા તૈયાર થનારી તેજમલ છે, તો બીજી તરફ દાદાને કારણે પોતાને  ન ગમતા વ્યક્તિ સાથે લગ્ન કરીને જનાર જવલબા છે. પોતાને અનૈતિક લોકોથી ન બચાવી શકનાર જવલબા દાદા, ભાઈ અને માતા પર ફીટકાર પણ વરસાવે છે. પોતાની સાથે થયેલ અન્યાય માટે ઘરના લોકો સામે લડી નથી શકતી પણ અવાજ તો ઉઠાવે છે જ. આ શબ્દોમાં રજૂ થતો આક્રોશ જુઓ :

"તેડાવો અભેસંગ મળતા જાયેં રે,
ભવોભવ બાપુ વાંઝિયા રે'જો રે.

રાખો ઘોડલ્યું ને રાખો માફલિયા રે,
ભવોભવ વીરા બંધીખાને રે'જો રે.

રાખો ઘોડલ્યું ને રાખો માફલિયા રે,
ભવોભવ માતા અંધાપા ભોગવજો રે."(પૃ.૨૯૭)

આમ નાયિકા મુખર બનીને પોતાનો આક્રોશ ઠાલવે છે તે પછી તેના સ્વજન જ કેમ ન હોય. 'વીડી વાઢનાર' લોકગીતમાં

પોતાના પતિ સાથે પોતાના કામ અને મહેનતાણાની તુલના કરતી નાયિકા જ્યારે એમ કહે છે કે,

"પરણ્યે વાઢયા  રે પાંચ પૂળકા લોલ
મેં રે વાઢયા  છે દસ વીસ, મુંજા વાલમજી લોલ – હવે."

અહી પૂળકા શબ્દોમાં તિરસ્કાર અને તુચ્છતા છે પોતાના કરતા પતિ ઓછું કાર્ય કરે છે તે પણ દર્શાવાયું છે. વળી પોતાને પતિ કરતાં વધું મહેનતાણું મળે છે ત્યારે ગર્વથી કહે છેઃ

"પરણ્યાને આવી પાલી જારડી રેલોલ
મારે આવેલ માણું ઘઉં, મુંજા વાલમજી લોલ – હવે."

અંતે પતિનો સ્વભાવ રજૂ કરતી આ પંક્તિઓ જૂઓ :

"પરણ્યાએ ભર્યુ છે એનું પેટડું રે લોલ
મેં રે જમાડયો મારો વીર, મુંજા વાલમજી લોલ – હવે."
(પૃ.૭૭)

અહી 'જારડી', પેટડું' જેવા શબ્દોમાં લોકબોલીનો વૈભવ છતો થાય છે. જ્યારે કોઈને તુચ્છ ગણવામાં આવે છે ત્યારે છણકા સાથે આવા શબ્દોનો ઉપયોગ થાય છે. અહી નાયિકા પોતે પતિ કરતા આગળ છે એમ દર્શાવવા માંગતી જ નથી. અહી પુરૂષ સમોવડી થવાની સ્પર્ધા નથી. નાયિકા તેના પતિ કરતા ઘણી આગળ છે એ પછી કાર્ય હોય કે લાગણી હોય. પુરુષ સાથે સરખામણી તેને કરવી જ નથી કેમ કે, સરખામણી તો સમાન ધ્રુવો વચ્ચે થાય. જ્યારે અહીં નાયિકાનો પતિ એટલો તુચ્છ છે કે તેની બરોબરીમાં પણ ન આવી શકે.

વાત માત્ર ઘરના લોકો સામે આક્રોશ વ્યક્ત કરવાની હોય તો આપણે એમ માનીએ કે આ માત્ર આવેશ કે આવેગ પોતાનાઓ પૂરતો સીમીત હશે. સમાજના અન્ય પડકારો સામે લડવા નારી આટલી સક્ષમ હશે નહિ. પણ આ જ લોકગીતોની નાયિકાને જ્યારે સ્વજન સિવાયના લોકો રંજાડે છે ત્યારે વિફરીને તેનો સામનો કરતી પણ નજરે ચડે છે. 'રંગ ભીલડી' જેવા લોકગીતમાં ઝડબાતોડ જવાબ આપતી આ નાયિકા આધુનિક સ્ત્રીઓ માટે આદર્શ બની રહે છે. રાજાના પ્રલોભનોને તિરસ્કાર પૂર્વક નકારી દેનારી ભીલડીના જવાબો તો જુઓ :

"તને રાજા તે બોલાવે , રંગ ભીલડી,
મારી મેડિયું જોવા આવ રે, રંગ ભીલડી !

તારી મેડીયું જોઈ જોઈ શું કરું !
મારા છાપરાં સવા લાખ રે, રંગ ભીલડી!"
(પૃ. ૨૮૧)

રાજાની મૂછને પોતાના બકરાની પૂછ સાથે સરખાવે છે. વળી રાજાની રાણીઓ જેવી મારે ત્યા ગોલીયું(દાસી) છે તેમ કહીને ધુત્કારે છે. એક એક પ્રલોભનનો ઝડબાતોડ જવાબ આપનારી આ ભીલડી જેવી જ બીજી વિરાંગનાઓ એટલે મચ્છુની વાણિયાણ, મેના ગુર્જરી વગેરે પણ લોકગીતમાં સ્થાન પામી છે.પોતાના પર કુદષ્ટી કરનાર રાજા હોય કે મોગલ બાદશાહ તેને રોકડું પરખાવતા ડરતી નથી. વાણીયા જેવી બીકણ લેખાતી જાતની નારી મોરબીના રાજાને કેવો જવાબ આપે છે એ જુઓ :

"કર્ય રે, વાણીયાણી, તારા અંબોડાના મૂલ,
જાવા દ્યો જીવાજી ઠાકોર,
જાવા દ્યો મોરબીના રાજા,
નથી કરવા મૂલ••
મારા અંબોડામાં તારું માથું થાસે ડૂલ.– મોરબીની."
(પૃ. ૨૬૫)

72

આ બધામાં ગુર્જરી તો સાવ નિરાળી છે  શરૂઆતમાં તો તે પણ માર્મિક વચનોથી બાદશાહને સાવધ કરે છે પણ છતાં ન સમજનાર બાદશાહને  આ ગુજરાતણ ખુમારીપૂર્વક કેવો જવાબ આપે છે એ જુઓ :

"કે ગુજરી કહેવે, સુણ બાદશાહ, તુમ સુણો અમેરી બાત રે,
કે મારું તમાચા ને ઉડ જાય પાઘડી મુખડા હો જાય લાલ રે."

તેનો સંયમ તુટી જાય છે અને આક્રોશની આગ ભભૂકે છે :

"કે ટકે ટકે તેરા ટટ્ટુ બેચાઉ ને દમડી કા દસ ઉંટ રે,
કે ટકે ટકે તેરી ઢાલ બેચાઉં ને દો કોડી તરવાર રે."
(પૃ.૩૦૬)

અન્યાયને સહન ન કરવો અને અવાજ ઉઠાવવો એ નારી ચેતના નથી તો બીજુ શું છે ? એક તરફ અન્યાયના પડમાં પિસાતી નારી પણ લોકગીતોમાં જીલાઈ છે તો બીજી બાજુ એ અન્યાય સામે બંડ પોકારતી ગુજરાતણો પણ છે.

આ લોકગીતોમાં માત્ર કથા કે ઘટના નથી, સંવેદન છે. આ ગોતોમાં સ•વશીલ સંવેદન છે એટલું જ નહી પરંતુ એ સંવેદનની

સાથે કાવ્યાત્મકતા છે. તેમાં લોકલય છે. આ લોકકંઠનો લ્હેકો આપણને એક જુદી જ ધરતી પર લઈ જાય છે. વાચક આપોઆપ આ ગીતોને ગાવા માંડે છે અને ગાતાંગાતાં જ તે ચેતના સાથે જોડાઈ જાય છે. શબ્દોની રમત આપણા સાક્ષર સર્જકોને જ આવડે છે એવું નથી. આપણા લોકસાહિત્યના સમૃદ્ધ વારસાને જોવાની ફૂરસદ કદાચ આપણી પાસે નથી.

આ લોકગીતોનો આશય નારી સંવેદનને ઘૂટવાનો નથી કે જાતે પ્રતિષ્ઠીત થવાનો પણ નથી.આ ગીતો નારીચેતનાને પ્રગટ કરવા લખાયેલ નથી પણ સહજ અનુભવની અભિવ્યકિત માત્ર છે. એ અભિવ્યક્તિમાં નારીચેતના જોઈ શકાય ખરી. પણ અહીં અભિવ્યક્તિ મુખ્ય છે. અભિવ્યક્તિ છે એટલે નારીચેતના નજરે પડે છે. એ નારીચેતનાને પ્રગટ કરવા માટે અભિવ્યકિત નથી.

સંદર્ભ :

રઢિયાળી રાત, સંપાદકઃ ઝવેરચંદ મેઘાણી, પ્રકાશકઃ ગુજરાત સાહિત્ય અકાદમી, સંકલિત આવૃત્તિ–૨૦૧૦.